દુનિયાની ટોચની વિવિધ નાણાંકીય અને અર્થશાસ્ત્રીય સર્વેક્ષણ સંસ્થાઓએ આગામી એક વરસ સુધી વૈશ્વિક આર્થિક ચિત્ર ૩.૫ ટકાના વિકાસથી બહુ ઊંચો કૂદકો મારી શકે એમ નથી એવી દહેશત વ્યક્ત કરી છે. રોજગારીના નવા વિકલ્પો શોધવા માટે શહેરીજનોમાં એક વ્યાકુળ દોડ ચાલુ થઈ છે અને ભારત પણ તેમાંથી બાકાત નથી.

વિશ્વબેન્ક અને ભારતીય રિઝર્વ બેન્કે પણ વિકાસ દરનો અંદાજ પૂર્વે ઘટાડેલો છે. ચોતરફથી ઘટતા અંદાજના પડઘા વચ્ચે શેર બજાર એની પોતાની આગવી અદામાં ચમકારા બતાવે છે. એની ચડતી-પડતી ચાલુ છે. મુંબઈના ખેલાડીઓ કહે છે કે સારા વાતાવરણની આશાએ અત્યારે સામાન્ય રોકાણકારને આકર્ષવા માટેનું હવામાન છે અને બજાર બરાબર ઊંચે જઈ રહી છે ત્યારે પાછલા દરવાજે છાને પગલે વેચવાલી કરીને રીંગના કલાકારો નફો બાંધીને આબાદ છટકી ન જાય એ સેબી અને રોકાણકારોએ જોવાનું છે અને જાગતા રહેવાનું છે.

શેર બજારમાંથી જ એવી હવા વહેતી કરવામાં આવી રહી છે કે આ વખતનું ચોમાસુ બહુ સારું હશે ને ચોમાસા પછી તો બજાર વધુમાં વધુ ઊંચકાશે. હવાની લહેરોના ભેદ પારખતા આવડતા હોય એનું જ હવે શેરબજારમાં કામ છે. દેશના અર્થતંત્ર સાથેનો શેરબજારનો સંબંધ હવે પહેલા જેવો સંવેદનશીલ નથી. મંદીના આંચકા પચાવીનેય બજાર રહસ્યમય રીતે પોતાનો ચળકાટ જાળવે છે અને એટલે જ એ ચાલ મહત્અંશે ભેદી છે.

જીલ્લામાં અપમૃત્યુંના વધુ ત્રણ બનાવો

# જાબાળ અને ધારીમાં પ્રૌઢ અને યુવાનનાં ઝેરી દવા પીતા, વડીયામાં પ્રૌઢાનું સળગી જતા મોત

## સાવરકુંડલા રૂરલ અને ધારી પોલિસ મથકમા અલગ અલગ બનાવો અંગે જાહેર કરાયું

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર)

અમરેલી જીલ્લામાં અપમૃત્યુંના બનાવોમાં ચિંતાજનક રીતે વધારો થઈ રહયો છે. ત્યારે જીલ્લામાં અપમૃત્યુંના વધુ ત્રણ બનાવો પોલિસમાં જાહેર થયા હતા. સાવરકુંડલા જેમાં જાબાળ ગામે સીમમાં પ્રૌઢનું ઝેરી દવા પી જતા, જુની પટણી શેરીમાં પ્રૌઢાનું સળગી જતા, ધારીમાં યુવાનનું ઝેરી દવા પી જતા મોત નિપજયુંહતું. સાવરકુંડલા તાલુકાના જાબાળ ગામે રહેતા મનસુખભાઈ લખમણભાઈ સીણવીયા ઉ.વ.૪૫ ને પત્નિએ વાડીએ કામકાજ અંગે ઠપકો આપતા પોતે પોતાની મેળે વાડીએ ઝેરી દવા પી જતા મોત નિપજયાનું ધર્મેશભાઈ મનસુખભાઈ સીણવીયાએ સાવરકુંડલા રૂરલ પોલિસ મથકમાં જાહેર કરેલ છે. વડિયાના જુની પટણી શેરીમાં રહેતા હંસાબેન અરવિંદભાઈ ચૌહાણ ઉ.વ.૫૫ ને ઘણા સમયથી ડાયાબીટીસ તથા બંને કીડની ફેઈલ હોય. જીંદગીથી કંટાળી જઈ પોતે શરીરે કેરોસીન છાંટી સળગી જતા મોત નિપજયાનું પતિ અરવિંદભાઈ બાબુભાઈ ચૌહાણે વડિયા પોલિસ મથકમાં જાહેર કરેલ છે. ધારી જુના પોલિસ સ્ટેશન પાછળ બજરંગ મઢીની પાસે ચંદુભાઈ વીરજીભાઈ સોલંકી ઉ.વ.૩૨ ને તેમના પત્નિએ કામધંધો નહી કરો તો ઘર કેમ ચાલશે તેમ કહેતા મનમાં લાગી આવતા ઘઉંમા નાખવાના ઝેરી ટીકડા પી જતા મોત નિપજયાનું પત્નિ નયનાબેન ચંદુભાઈ સોલંકીએ ધારી પોલિસ મથકમાં જાહેર કરેલ છે.

# લાઠીના મતિરાળા ગામ નજીક સ્વીફ્ટ કાર તારવવા જતા લકઝરી બસ સાથે અથડાઈ

## ભુંડ રોડ ઉપર આવતા તારવવા જતા બસ સાથે ભટકાતા ચાલકને ઈજા :કારને નુકશાન

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર)

લાઠી તાલુકાના મતિરાળા ગામે ભુપેન્દ્રભાઈ બચુભાઈ બગડા અમરેલી સિંચાઈ વિભાગમાં આઉટસોર્સ ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા હોય. અને અમદાવાદથી પરત અમરેલી આવતા હોય. તે દરમ્યાન ચાવંડથી ૧ કીમી. દુર અમરેલી તરફ પહોંચતા મારૂતિ સુઝુકી સ્વીફ્ટ કાર જી.જે.૧૮ જી.બી. ૨૫૩૪ આગળ રોડ ઉપર ભુંડ આવતા સ્વીફ્ટ કારને તારવવા જતા કાર સામેથી આવતી હરિધામ ટ્રાવેલ્સની ખાનગી બસ જી.જે. ૦૫ સી.ડબલ્યુ ૯૦૯૩ ના આગળના ભાગે ભટકાતા પોતાને શરીરે ઈજાઓ થયેલ. તેમજ કારનું આગળનું બોનટ તુટી ગયેલ. અને ગાડીના બંને દરવાજા તુટી ગયાનું લાઠી પોલિસ મથકમાં જાહેર કરેલ છે.

# સાવરકુંડલામાં વર કન્યાનું ખોટું સોગંદનામું રજુ કર્યુ

## વકીલે ખોટું સોગંદનામું કરી આપી વર કન્યાએ રજુ કરી ગુનો કર્યો

અમરેલી, સાવરકુંડલા નગરપાલિકામાં બાબરા તાલુકાના કોટડાપીઠા ગામના વર ચિરાગ કિશોરભાઈ પીઠવા તથા કન્યા જાનવી અરવિંદભાઈ લકુમ રહે. બંને કોટડાપીઠાવાળાને વકીલે ખોટું સોગંદનામું કરી આપી વર કન્યાએ ખોટું સોગંદનામું કરાવી કાવતરું રચી એકબીજાને મદદગારી કરી ગુનો કર્યાની સાવરકુંડલા પોલિસ મથકમાં કરાર આધારીત ચીફઓફીસર હસમુખરાય પ્રાગજીભાઈ બોરડે સાવરકુંડલા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# નાના માચીયાળા ગામે ડેલા સાથે ફોરવ્હીલ ભટકાવતા નુકશાન થયું

## જુના મનદુઃખના કારણે ફોરવ્હીલ ભટકાવી નુકશાન કર્યાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) અમરેલી તાલુકાના નાના માચીયાળા ગામે રહેતા રીટાબેન બટુકભાઈ ભાદાણી તથા નજુ માણસુરભાઈ આલાણીને અગાઉ ખુલ્લા પ્લોટમાં ખાતર નાખવા અંગે ફરિયાદ થયેલ હોય. જે મનદુઃખ રાખી નજુ માણસુરભાઈ આલાણી તથા એક અજાણ્યા શખ્સે અલ્ટ્રો ફોરવ્હીલ જી.જે.૦૬ બી.એલ.૭૭૨૦ રીટાબેનના ડેલા સાથે ભટકાવી રૂા.૫૦૦૦ નું નુકશાન કરી ડેલામાં લાકડી મારી ગુનો કર્યાની અમરેલી તાલુકા પોલિસમાં ફરિયાદ નોંધાવી છે.

બોલાચાલી કરવાની ના પાડતા

# ચલાલામાં પતિ પત્નિ ઉપર હુમલો

## કુટુંબી શખ્સે મારમારી ઈજા કર્યાની ફરિયાદ

અમરેલી, ચલાલા મફતપ્લોટ વિસ્તારમાં રહેતા દયાબેન ગેલાભાઈ ગોહિલ ઉ.વ.૪૫ ના દિકરા સાથે તેના કુટુંબી ગીરીશ વાલજીભાઈ ગોહિલ બોલાચાલી કરતા હોય. જેથી દયાબેને બોલાચાલી કરવાની ના પાડતા ગીરીશે આવેશમાં આવી લાકડા વડે ડાબા હાથના બાવડા પર મારમારી સામાન્ય ઈજા કરી પતિ ગેલાભાઈ વચ્ચે પડતા તેને પણ ડાબા હાથના બાવડા પર તથા વાસાના ભાગે મારમારી મુંઢ ઈજા કર્યાની ચલાલા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# સાવરકુંડલામા બાઈક ચોરાયું

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર)

સાવરકુંડલા લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર દવાખાનામાં સુલ્તાનભાઈ ઓસમાનભાઈ સૈયદ રહે. જીરા પોતાના પત્નિ યાસ્મીનબેનને ડિલવરી માટે તેનું બાઈક હીરો કંપનીનું એચ.એફ.ડિલકસ જી.જે. ૧૪ એ.કયુ.૮૮૦૭ લઈને લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરમાં દવાખાને આવેલ. જે બાઈક રૂા.૨૫,૦૦૦ ની કિંમતનું કોઈ ચોરી ગયાની સાવરકુંડલા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# અમરેલી જીલ્લામાં દેશી દારૂના ૬ દરોડા એક મહિલા સહિત ચાર શખ્સો ઝડપાયા

## જીલ્લામાં જુદા જુદા સ્થળોએથી ૧૦ શખ્સોને ઢીંગલી થયેલ હાલતમાં ઝડપી પાડયા

અમરેલી, અમરેલી જીલ્લામાં પોલિસે જુદા જુદા ૬ સ્થળોએ દેશી દારૂના દરોડાઓ પાડીને એક મહિલા સહિત ચારને મુદામાલ સાથે ઝડપી પાડયા હતા. જેમાં ડુંગર, સાવરકુંડલા ટાઉન, અમરેલી સીટી, સાવરકુંડલા રૂરલ અને રાજુલા પોલિસ દ્વારા કાર્યવાહી હાથ ધરી હતી. જયારે જીલ્લામાં પોલિસે જુદા જુદા સ્થળોએથી ૧૦ શખ્સોને નશો કરી ઢીંગલી થયેલ હાલતમાં ઝડપી લઈ લોકઅપમાં ધકેલ્યા હતા. જેમાં વડિયા, અમરેલી રૂરલ, અમરેલી સીટી, લાઠી, બગસરા, રાજુલા, જાફરાબાદ ટાઉન, અમરેલી તાલુકા, સાવરકુંડલા ટાઉન પોલિસ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# રાજકોટ આરડીએનપી દ્વારા એચઆઈવી પોઝીટીવ બાળકોને પતંગ, ફીરકી , અને મીઠાઈ વિતરણ કરાઈ



મકરસંક્રાતિ નિમિતે દાતા વિજયભાઈ રાઠોડ, દિનેશભાઈ વેકરીયા, ભરતભાઈ ઝેબલીયા દ્વારા તેમજ નરેન્દ્રભાઈ જીબા ફુફછાબ માનવ સેવા ટ્રસ્ટ પંકિલભાઈ પઢારીયા, રોટરી કલબ, શૌરીનભાઈ વોરા, વોરા વેરફેર ફાઉન્ડેશન, જયેશભાઈ ઉપાધ્યાય, બોલબાલા ચેરીટેબલ ટ્રસ્ટ, હિતેશભાઈ સેલાની, પ્રદિપભાઈ ધાંધલ, રવિભાઈ સોંદરવા, લાભુભાઈ શેંભલીયા, પ્રકાશભાઈ સહિત અગ્રણીઓની ઉપસ્થિતિમાં જુદા જુદા દાતાઓના સહયોગથી એચ. આઈ.વી. પોઝીટીવ બાળકોને પતંગ, ફીરકી, અડદીયા, સાની, ખજુર, ચીકી, અને મમરાના લાડુ વિતરણ કરવામાં આવ્યા હતા.

રાજકોટ, રાજકોટ આર. ડી. એન.પી.પ્લસ એચ.આઈ.ગ્રસ્તલોકો માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. રાજકોટ ઓફીસમાં ટીબી અવેરનેસ કાર્યક્રમ તા.૧૦-૧ ના યોજાયેલ જેમાં ૧૭૦ લાભાર્થીને ટીબીના લક્ષણો, ટીબીની તપાસ, કરાવીને સમજણ આપવામાં આવી હતી. તેમજ ઉપસ્થિત સભ્યોને ખીચડી, ચણાનો લોટ, નમક, સહિતનું રાશન આપવામાં આવેલ. તેમજ જસદણ મુકામે તા.૧૧-૧ના એચ.આઈ.વી.ગ્રસ્ત બાળકોને

# જુનાગઢ મનપાની મંજુરી વગર જાહેરાત પ્રદર્શિત કરતા ત્રણ ધંધાર્થી પાસેથી રૂપીયા ૮૦ હજારનો દંડ વસુલાયો

જુનાગઢ,

જુનાગઢ મનપા દ્વારા સરકારશ્રીની ડયુટીફીકેશનના પ્રોજેકટ અંતર્ગત શહેરમાં આવેલ મેઈન રોડ ઉપર આવેલ અલગ અલગ વિભાગોની દિવાલ/ડિવાઈડરને કલર કરવાનું કામ તેમજ વૃક્ષારોપણનું કામ સહિતની ડયુટીફીકેશનની કામગીરી હાલ ચાલી રહી છે. જે અંતર્ગત આ દિવાલોમાં જુનાગઢ મનપાની કોઈપણ જાતની મંજુરી વગર સ્ટીકર, પોસ્ટર કે વોલપેન્ટીંગ ન કરવા અવાર નવાર દૈનિક વર્તમાનપત્રો દ્વારા જાહેરજનતાને જાણ કરવામાં આવેલ છે. તેમ છતા મનપા હદવિસ્તારમાં વી માર્ટ દ્વારા વોલપેન્ટીંગ કરતા રૂા.૨૫,૦૦૦ તથા હાથી સિમેન્ટને રૂા.૪૦,૦૦૦ તેમજ ફેશનમંત્રને રૂા.૧૫,૦૦૦ મળી કુલ રૂા.૮૦,૦૦૦નો દંડ વસુલ કરવામાં આવેલ.


## સાવરકુંડલામાં મોબાઈલ ચોરાયો

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) સાવરકુંડલા મહુવા રોડ સુરભી કોમ્પ્લેક્ષ નજીક પહોંચતો જાવીદભાઈ ઈબ્રાહીમભાઈ બાવળીયાનો વીવો કંપનીનો રૂા.૨૪,૯૯૦ કિંમતનો પેન્ટના ખીસ્સામાંથી પડી જતા કોઈ ચોરી ગયાની સાવરકુંડલા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

મકરસંક્રાતિ પર્વ નિમિતે કરૂણા અભિયાન

# અમરેલી શહેરમાં પતંગને કારણે ૩૧ પક્ષીઓ ઘાયલ : એક પક્ષીનું મોત

## તા.૧૦ થી ૧૪ સુધીમા કુલ ૩૧ ઘાયલ પક્ષીને સારવાર આપી જેમા એકનું મોત નિપજ્યું



અમરેલી, અમરેલી શહેરમા વનવિભાગ અને પશુપાલન વિભાગના સહયોગથી ગત તા.૧૦-૧ થી તા.૧૪-૧ મકરસંક્રાતિ દરમ્યાન કરૂણા અભિયાન અંતગર્ત ઘાયલ પક્ષીઓની સારવાર કરવામા આવી હતી. જેમા કુલ ૩૧ પક્ષીઓ ઘાયલ થતા સારવાર આપી હતી. જેમા એક પક્ષીનું સારવાર દરમ્યાન મોત નિપજયું હતું. કરૂણા અભિયાન અંતર્ગત તા.૧૦ના ૪ પક્ષી, તા,૧૧-ના ૭પક્ષી, તા.૧૨ ના ૧૦પક્ષી, તા.૧૩ના ૩ પક્ષીઓ અને તા.૧૪ મકરસંક્રાતના દિવસે સાત પક્ષીઓ ઘાયલ થતા સારવાર આપ્યાનું ડો.સરવૈયાએ જણાવ્યું હતું.




## આજનું પંચાગ



રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

તા ૧૬.૧.૨૦૨૫ , ગુરુવાર ,સંવંત ૨૦૮૧, પોષ વદ ત્રીજ, આશ્લેષા નક્ષત્ર , આયુષ્માન યોગ, વણિજ કરણ , આજે સવારે ૧૧.૧૭ સુધી જન્મેલાંની ચંદ્રરાશિ કર્ક (ડ,હ) ત્યારબાદ સિંહ (મ,ટ) રહેશે.

મેષ (અ,લ,ઈ) : આંતરિક સૂઝમાં વૃદ્ધિ થાય ,સંતાન અંગે સારું રહે,પરિવાર માં આનંદ રહે ,શુભ દિન.
વૃષભ (બ,વ,ઉ) : જમીન મકાન વાહન સુખ સારું રહે, તમામ સુખ સગવડ પ્રાપ્ત થાય ,દિવસ પ્રગતિકારક રહે.
મિથુન (ક,છ,ઘ) : તમારી પ્રતિભા દર્શાવી શકો, નવા કાર્યનું આયોજન કરી શકો,શુભ દિન,લાભ થાય.
કર્ક (ડ,હ) : બેન્કના કાર્ય નિપટાવી શકો, આર્થિક આયોજન કરી શકો,મનોમંથન કરી શકો.
સિંહ (મ,ટ) : તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય, આંતરિક શક્તિ ખીલે,લોકો દ્વારા તમારી પ્રસંશા થાય.
કન્યા (પ ,ઠ ,ણ) : લોન વિગેરે બાબતમાં સાંભળવું , ખર્ચ પર અંકુશ રાખવો,બિનજરૂરી વ્યય નિવારવા સલાહ છે.
તુલા (ર,ત) : જીવનમાં નવા નિયમ લાવી શકો, તમારી દિનચર્યા સુધારી શકો, દિવસ દરમિયાન પ્રગતિ થાય.
વૃશ્ચિક (ન ,ય) : વ્યક્તિની પરખ કરી શકો, કામકાજ માટે નવા સંશાધનો કામે લગાવી શકો, શુભ દીવસ.
ધન (ધ,ભ,ફ,ઢ ): આધ્યાત્મિક ચિંતન થાય, ધ્યાન યોગ મૌન થી લાભ થાય, પરિવાર સાથે આનંદ માણી શકો .
મકર (ખ,જ) : કોર્ટ કચેરી કે વીલ વરસના પ્રશ્નો ઉકેલી શકો,વિવાદ નિવારી શકો,મધ્યમ દિવસ રહે .
કુંભ (ગ ,સ,શ) :આંતરિક જીવનમાં સારું રહે,સબંધો માં સુલેહ થી ચાલી શકો. વધુ ઉગ્રતાથી કામ ના લેવા સલાહ છે.
મીન (દ,ચ,ઝ,થ): આપણા ગણીને ચાલતા હોઈએ તે બધા આપણા નથી હોતા! , હિત શત્રુથી કાળજી લેવી, વિશ્વાસે ના ચાલવું ,મધ્યમ દિવસ.

## સુડોકુ નં. ૧૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | 1 | 9 | | 4 | 2 | |
| 9 | | | 7 | | | 8 | | |
| | 1 | | | 3 | | | | 5 |
| | | | | | 8 | 9 | | |
| | 2 | 6 | | | | 1 | 4 | |
| | | 4 | 2 | | | | | |
| 6 | | | | 8 | | | 7 | |
| | | 3 | | | 2 | | | 4 |
| | 7 | 8 | | 4 | 1 | | | |

અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.
(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.
(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.
(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો
(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

### સુડોકુ નં.૧૩ નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 9 | 6 | 4 | 1 | 8 | 7 | 2 | 3 | 5 |
| 1 | 2 | 8 | 9 | 3 | 5 | 6 | 4 | 7 |
| 3 | 5 | 7 | 2 | 4 | 6 | 9 | 1 | 8 |
| 5 | 3 | 6 | 4 | 2 | 9 | 8 | 7 | 1 |
| 7 | 8 | 9 | 5 | 1 | 3 | 4 | 2 | 6 |
| 4 | 1 | 2 | 6 | 7 | 8 | 5 | 9 | 3 |
| 6 | 9 | 1 | 3 | 5 | 2 | 7 | 8 | 4 |
| 8 | 4 | 5 | 7 | 9 | 1 | 3 | 6 | 2 |
| 2 | 7 | 3 | 8 | 6 | 4 | 1 | 5 | 9 |

# સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડના બજાર ભાવો

## કપાસ ૯૫૦ થી ૧૫૩૦ મગફળી ૮૦૦ થી ૧૧૯૭

**અમરેલી માર્કેટ યાર્ડ**
શિંગમઠડી-૮૭૦-૧૧૧૦
શિંગમોટી-૮૦૦-૧૧૯૭
શીંગફાડા-૯૩૦-૧૨૦૦
તલસફેદ-૨૦૯૫-૨૪૦૦
તલકાળા-૪૩૦૦-૪૫૦૦
જુવાર-૮૦૦-૮૧૦
ઘઉંટુકડા-૫૭૯-૬૭૨
ઘઉંલોકવન-૫૫૦-૬૩૫
ચણા-૯૮૬-૧૨૦૫
કપાસ-૯૫૦-૧૫૩૦
ધાણા-૧૦૦૦-૧૫૦૫
સોયાબીન-૬૦૦-૮૪૩
અડદ-૧૦૬૫-૧૫૦૦
એરંડા-૧૧૦૦-૧૨૦૩
મરચાલાંબા-૪૫૦-૩૩૭૦
જીરૂ-૩૩૭૦-૪૨૫૫

**અમરેલી માર્કેટયાર્ડ**
બટેટા-૩૪૦-૫૦૦
રીંગણા-૪૦૦-૮૦૦
કોબીઝ-૧૨૦-૨૨૦
ટમેટાં-૨૧૦-૨૬૦
સુરણ-૧૦૫૦-૧૨૫૦
ફોદીનો-૫૧૦-૬૩૦
ગાજર-૪૫૦-૬૦૦
ગલકા-૩૦૦-૫૨૦
કાકડી-૩૦૦-૬૪૦
ગુવાર-૮૦૦-૧૬૦૦
દુધી-૧૦૦-૩૦૦
તુરીયા-૮૦૦-૧૨૪૦
ભીડો-૫૦૦-૮૨૦
આદુ-૭૦૦-૭૫૦
કોથમીર-૪૦૦-૬૦૦
મેથીભાજી-૨૨૦-૪૦૦
ટીંડોરા-૪૪૦-૫૪૦
લીમડોમીઠો-૩૩૦-૩૬૦
મરચાલીલા-૫૦૦-૧૦૦૦
મુળા-૩૦૦-૬૪૦
લીંબુ-૮૦૦-૧૦૦૦
પાલક-૨૦૦-૩૫૦

**રાજુલાયાર્ડ**
બાજરો-૫૫૧-૬૨૧
સોયાબીન-૭૫૦-૭૮૬
ઘઉં-૫૫૧-૭૦૭
જુવાર-૮૩૧-૮૫૧
કપાસ-૧૩૮૦-૧૫૧૦
તલસફેદ-૨૩૨૫-૨૪૨૬
તુવેર-૧૪૦૦-૧૪૨૫
મગ-
શીંગ-૮૭૯-૧૧૦૦
ચણા-૯૯૧-૧૩૦૧

**મહુવાયાર્ડ**
ઘઉં-૫૭૯-૭૧૧
ડુંગળીલાલ-૧૨૬-૫૬૯
તલસફેદ-૧૮૪૭-૨૨૯૮
અડદ-૭૦૦-૧૫૧૫
સોયાબીન-૭૮૨-૮૧૬
ચણા-૧૧૫૨-૧૧૫૨
ડુંગળીસફેદ-૨૫૦-૪૫૨
શીંગ-૧૦૬૨-૧૨૩૮
બાજરી-૫૭૦-૭૩૯
જુવાર-૪૨૧-૯૧૭
નાળીયેર-૫૮૬-૨૫૮૦

**બાબરા યાર્ડ**
કપાસ-૧૪૪૦-૧૫૫૦
ઘઉં-૫૪૮-૬૧૨
મગફળી-૧૦૭૬-૧૧૪૨
એરંડા-૧૦૬૨-૧૧૬૮
જીરૂ-૪૯૭૦-૪૨૩૦
તલસફેદ-૧૯૬૦-૨૦૭૦
કપાસ મીડીયમ-૧૨૬૦-૧૩૯૦
ઘઉં-૫૭૮-૬૧૨

**ધારી માર્કેટયાર્ડ**
કપાસ-૧૩૦૧-૧૪૫૧
ધાણા-૧૧૦૦-૧૪૦૦
મગફળી-૭૫૬-૧૧૦૦
સોયાબીન-૬૨૬-૭૨૬
તલકાળા-૧૯૦૦-૪૨૮૦
ઘઉં-૬૦૬-૬૧૦

**સાવરકુંડલા માર્કેટયાર્ડ**
શીંગજીણી-૯૬૫-૧૦૭૬
શીંગમોટી-૧૦૦૦-૧૧૪૩
તુવેર-૧૫૭૧-૧૬૦૫
તલસફેદ-૧૮૦૦-૨૩૨૫
કપાસ-૧૩૫૦-૧૪૮૦
ઘઉંલોકવન-૬૦૦-૬૫૦
જીરૂ-૩૭૦૦-૪૪૦૦
ઘઉંટુકડા-૬૩૦-૬૬૨
ચણા-૧૧૭૪
સોયાબીન-૭૦૦-૭૮૧
એરડી-૧૧૮૯-૧૨૧૬

**ખાંભા માર્કેટયાર્ડ**
કપાસ-૧૩૫૧-૧૪૭૦
મગફળી-૧૦૫૧-૧૦૯૧

**લીલીયા માર્કેટ યાર્ડ**
કપાસ-૧૧૨૫-૧૫૦૩

**બગસરા માર્કેટયાર્ડ**
કપાસ-૧૨૫૦-૧૫૧૬
બાજરો-૬૦૪-૬૦૪
મગફળી-૬૬૩-૮૭૨
શીંગદાણા-૯૩૫-૧૦૫૫
સોયાબીન-૫૫૫-૮૦૪
ઘઉં-૫૮૪-૬૩૦
ચણા-૧૦૦૦-૧૧૯૫
તલસફેદ-૧૬૦૦-૧૬૬૦

**અમરેલીફ્રુટમાર્કેટભાવ**
ચીકુ-
દાડમ-
મુસંબી-
અંગુર-
કીવી-
ડ્રેગન ફ્રુટ-
અનાનસ-
જામફળ-
કેળા-
પોપૈયા-
બોર-
સફરજન કાશ્મીર-


## અમરેલી આજનું તાપમાન

મહ ામ તાપમાન-૨૭.૨
ન્યુનતમ તાપમાન -૧૩
ભેજનું પ્રમાણ -૭૧
પવનની ગતિ સરેરાશ -૫.૬

### નગરપાલિકાનાં અયોગ્ય વહિવટનાં કારણે

# રાજુલાનાં શ્રીજીનગરમાં ગંદકીનાં ગંજ ખડકાયા

## શ્રીજીનગર સહિત વિસ્તારોમાં એકાંતરા કચરો ઉપાડવા વાહન આવતા ગંદકી વધી



રાજુલા, (કનુભાઈ વરૂ)રાજુલાનાં શ્રીજી નગરમાં કચરાના ઢગલા એકાતરા વાહન આવતા ગંદકીથી અહીંના રહીશો ત્રાહીમામ પોકારી ગયા છે. અહીં ગટર ઉભરાય છે, ગટરનાપાણીઘરમાંઘુસીજાયછે,શ્રીજીનગરના ગોકુળનગરમાં પણ ગંદકીથી લોકો ત્રાહીમામ પોકારી ગયા છે અને નિંભર તંત્ર મૌન છે.

### રોટરી ક્લબ ઓફ અમરેલી સીટી દ્વારા

# અમરેલીનાં વિવિધ વિસ્તારનાં શિક્ષકોનું સન્માન કરાયું

## શિક્ષકોને સર્ટીફીકેટ આપી સન્માન કર્યુ: બાળકોને કીટ વિતરણ





અમરેલી, રોટરી ક્લબ ઓફ અમરેલી સીટી દ્વારા શિક્ષકોનું સન્માન કરવામાં આવ્યું હતું. સમાજના ઘડતરમાં જેમનો મહત્વનો ફાળો છે તે જો કોઈ હોઈ તો તે છે શિક્ષકોને બિરદાવ્યાં હતાં. અમરેલી માં રોટરી ક્લબ અમરેલી સીટી દ્વારા અમરેલી તાલુકાના વિવિધ ગ્રામ્ય વિસ્તારના શિક્ષકો કે જેમની રોટરી પરિવાર દ્વારા પસંદગી કરવામાં આવેલ હતી. આવાં શિક્ષકો ને આજરોજ સર્ટિફિકેટ આપી સન્માનિત કરવામાં આવેલ હતાં. આ ઉપરાંત તેમની શાળામાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત બાળકો ને હેન્ડ વોશ કરવા માટેના કીટ આપવામાં આવ્યા હતા તથા વિવિધ કામગીરી વિશે જાણકારી આપવામાં આવેલ હતી. આ કાર્યક્રમમાં પ્રમુખશ્રી અનિલભાઈ આડતીયા, સેક્રેટરીશ્રી જીગ્નેશભાઈ મોદી તથા રોટરી ક્લબ ઓફ અમરેલી સીટીનાં હિરેન મોદી, ભાવેશ ભુતા, રાકેશ વસાણી, મેહુલ દેસાઈ, ડો.તેજસ બંજારા, યસ મશરાણી, હિતેશ વ્યાસ, કૈલાશ પારેખ વગેરે મેમ્બરોએ હાજરી આપી હતી.

### ૧૦૮ ની ટીમ બની જીવાદોરી સમાન

# રાજુલાના ડુંગર ગામની મહિલાને રસ્તા પર જ જોડીયા બાળકની સફળ પ્રસુતિ

## વિક્ટરની ૧૦૮ની ટીમ દ્વારા સફળ સર્જરીથી માતા-બાળકોને નવજીવન



અમરેલી,

ગુજરાત સરકાર દ્વારા કાર્યરત અને ઈ.એમ.આર.આઈ. ગ્રીન હેલ્થ સર્વીસ દ્વારા સંચાલીત ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા આજે દેવદૂત સમાન બની આજરોજ અમરેલી જિલ્લા ના રાજુલા તાલુકા ના વિક્ટર ચોકડી ૧૦૮ ની ટીમ ને ગત ૧૧ ૦૧ ૨૦૨૫ ના રાતના ૧૨:૦૮ કલાકે એક રાજુલા તાલુકા ના ડુંગર ગામ નો કેસ મળ્યો હતો અને દર્દી ઈકો વાહન માં મહુવા જઈ રહ્યું હતું અને તે ઈકો માં જોડીયા બાળકો ધરાવતી સગર્ભા માતા બેઠેલ હતા અને તેમને અચાનક દુખાવો ઉપડતાં ૧૦૮ વિક્ટર ચોકડી નો સંપર્ક કરેલ હતો. કેસ મળતાની સાથે જ વિક્ટર ચોકડી ૧૦૮ ની ટીમ તુરંત સ્થળ પર પહોચી અને તપાસ કરતા જાણવા મળ્યું કે આ સગર્ભા મહિલા ને જોડીયા બાળકો છે અને તેમાં જે પહેલું બાળક ઊંધું હતું. ત્યાર બાદ તરત જ મહિલા ને અસહ્ય દુખાવો થતાં રસ્તા પર જ ડિલિવરી કરવાની ફરજ પડી હતી. જેમાં પ્રથમ બાળકની ડિલિવરી સમયે માત્ર તેમનો જમણો પગ જ બહાર આવેલ હતો ત્યાર બાદ ભારે ઝેહમત બાદ બાળકને ડીલીવર કરાવેલ હતું અને અંતે છેલ્લે બાળક રડતું પણ ન હતું આથી તેમને છાતી ઉપર ફિંગર થી સી.પી.આર. આપ્યા હતા અને બ્લો બાય મેથડ થી ઓક્સિજન આપ્યું હતુ ત્યારબાદ બાળક રડ્યું હતું. અને ત્યાર પછી ૧૦ મિનિટ નાં અંતે બીજા બાળક નો દુખાવો ઉપાડતા તેમને પણ ખૂબ સારી રીતે ડીલીવર કરાવેલ છે જે ખૂબ સારી રીતે રડી રહ્યું હતું અને તેમની ડિલિવરી નોર્મલ હતી જે ડિલિવરી હોસ્પિટલ નજીક જ થઈ હતી જેથી ૧૦૮ ની ટીમ ઈ.એમ.ટી. દિનેશ ગોહિલ અને પાયલોટ શૈલેષગીરી ગોસ્વામીની સૂઝબૂઝ અને સમયસૂચતાથી મહિલાની સામાન્ય તપાસ કરી તેના વાઈટલ અને ક્સિજન ચેક કરી ઉપરી ફિઝિશિયન ડોક્ટર મહેશ સર ની સલાહ મુજબ જરૂરી પ્રાથમિક સારવાર ચાલુ કરવામાં આવી જેથી માતા અને બાળક બંને સ્વસ્થ થઈ ગયા હતા પરંતુ ડિલિવરી બાદ તેમને હોસ્પિટલ માં દાખલ થવું જરૂરી હતું જેથી ઈ.એમ.ટી. દિનેશ ગોહિલ અને પાયલોટ શૈલેષગીરી ગોસ્વામી દ્વારા તેમને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે મહુવા હોસ્પિટલ ખાતે સલામતી પૂર્વક દાખલ કરવામાં આવ્યા હતા. તેમજ આવી સરાહનીય કામગિરી કરવા બદલ ૧૦૮ પ્રોગ્રામ મેનેજર અને ૧૦૮ ના અમરેલી જિલ્લા અધિકારી દ્વારા આવી ઉત્કૃષ્ટ કામગિરી બદલ બિરદાવવામાં આવ્યા હતા.

# લુણીધારમાં વડીયા કુંકાવાવ તાલુકા કક્ષાએ ખેલ મહાકુંભ યોજાયો

## શ્રી એલજી એજ્યુકેશન કેમ્પસ ખાતે કાર્યક્રમનું આયોજન



અમરેલી,શ્રી એલજી એજ્યુકેશન કેમ્પસ લુણીધારમાં વડીયા કુકાવાવ તાલુકા નો ખેલ મહાકુંભ યોજાયો હતો. તારીખ ૯ થી ૧૧ સુધી મુખ્ય સાત રમતોનો તાલુકા કક્ષાનો ખેલ મહાકુંભ ભવ્ય આયોજન સાથે સંપન્ન થયો તાલુકા ના કન્વીનર શ્રી મોરી સાહેબ તેમજ ટ્રસ્ટી શ્રી મહેશભાઈ પાઠક અને મનીષભાઈ ખેલાડીઓને આગળ સિદ્ધિ પ્રાપ્ત કરે એવી શુભકામના પાઠવેલ છે.

### યુવા નેતા શ્રી મનીષ સંઘાણીના માર્ગદર્શન હેઠળ

# અમરેલીમાં ગાયત્રી મંદિરે ૧૬૦ મો નેત્ર નિદાન સારવાર કેમ્પ યોજાયો

## નિદાન કેમ્પમાં રણછોડદાસબાપુ હોસ્પિટલનો સહયોગ



અમરેલી,

ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી મનીષ સંઘાણી ના માર્ગદર્શન હેઠળ અમરેલી ગાયત્રી મંદિર ખાતે રણછોડદાસ હોસ્પિટલ રાજકોટ અને ગાયત્રી પરિવાર ટ્રસ્ટ નાં સંયુક્ત ઉપક્રમે ૧૬૦ મો નેત્ર નિદાન કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પ સ્વ. પ્રગાજીભાઈ નારણભાઈ તળાવિયા ના સ્મરણાર્થે શ્રી વિઠ્ઠલભાઈ પ્રાગજીભાઈ તળાવિયા દ્વારા અનુદાન આપવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ઉદઘાટક અને મુખ્ય મહેમાન તરીકે અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. નાં સી. ઈ. ઓ. શ્રી બી.એસ. કોઠિયા ઉપસ્થિત રહ્યા હતા. તેમજ આ કેમ્પમાં શ્રી કલ્પેશભાઈ ખેરૈયા દ્વારા સેવા આપવામાં આવી હતી. અતિથિ વિશેષ તરીકે ટ્રસ્ટી શ્રી બાબુભાઈ રાજ્યગુરૂ, ટ્રસ્ટી શ્રી હંસરાજભાઈ સાકરીયા, ટ્રસ્ટી શ્રી નાનજીભાઈ પાથર, ટ્રસ્ટી શ્રી ધીરુભાઈ દેસાઈ, વ્યવસ્થાપક ટ્રસ્ટી શ્રી હિરેનભાઈ ચાવડા ઉપસ્થિત રહ્યા હતા. આ કેમ્પ ને સફળ બનાવવા ગાયત્રી પરિવાર નાં અનુયાયીઓ શ્રી ભાર્ગવ ત્રિવેદી, શ્રી ગોંપેશ ગજેરા, શ્રી ભીખુભાઈ ડાભી, શ્રી મયુર ખાનપરિયા, શ્રી અજય કાલેના, શ્રી વિપુલભાઈ વગેરે દ્વારા સેવા આપી હતી જયારે આ કેમ્પમાં ૫૫ લાભાર્થીઓએ લાભ લીધો હતો.

### શ્રી રામ મંદિરને એક વર્ષ પુર્ણ થતા

# સાવરકુંડલામાં શ્રી રામ પ્રતિષ્ઠા મહોત્સવની વર્ષગાંઠ ઉજવાઇ

## વર્ષગાંઠ નિમિતે ૧૧૦૦ દિવડાની આરતી કરી : ભાવિકો ઉમટી પડ્યાં



સાવરકુંડલા, (સૌરભ દોશી) સાવરકુંડલામાં શ્રી રામ પ્રતિષ્ઠા મહોત્સવની વર્ષગાંઠની ઉજવણી ભવ્ય રીતે કરવામાં આવી હતી. શનિવાર, ૧૧ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ રાત્રે ૯:૩૦ કલાકે, શ્રી કૃષ્ણ જન્મ સમિતિ સાવરકુંડલા દ્વારા દેવળા ગેઈટ ખાતે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કબીર ટેકરીના નારાયણદાસ સાહેબના આશીર્વાદ થી, ૧૧૦૦ દીવા પ્રગટાવીને ભવ્ય દ્રશ્ય સર્જવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સાવરકુંડલા -લીલીયા વિધાનસભાના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા મુખ્ય ઉપસ્થિતિ તેમજ સાવરકુંડલા નગરવાસીઓ ધર્મ પ્રેમી ભાઈઓ તથા બહેનો ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા ત્યારે હિરેનભાઈ વેકરીયા, રસિકભાઈ વેકરીયા અને VHRO પરિવાર સાવરકુંડલા આ કાર્યક્રમના મુખ્ય યજમાન હતા. શ્રી કૃષ્ણ જન્મ સમિતિ સાવરકુંડલા દ્વારા આયોજિત આ કાર્યક્રમ ખૂબ જ સુંદર રીતે યોજાયો હતો. સમિતિ દ્વારા અગાઉ પણ આવા અનેક ધાર્મિક કાર્યક્રમોનું સફળ આયોજન કરવામાં આવ્યા છે. શ્રી કૃષ્ણ જન્મ સમિતિન સ્વયંસેવકો દ્વારા આ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી. આ કાર્યક્રમ દ્વારા ભગવાન શ્રી રામના ગુણગાન ગાવામાં આવ્યા હતા અને ભક્તોએ ભગવાન શ્રી રામના આશીર્વાદ મેળવ્યા હતા.

# પ્રયાગરાજ ખાતે ભવ્ય કુંભમેળામાં સંતોનાં દર્શન કરતા ધારાસભ્યશ્રી હિરાભાઇ સોલંકી

## નિર્મોહી અખાડાનાં પુજ્ય રાજેન્દ્રબાપુએ ફુલહાર કર્યા



રાજુલા, (કનુભાઈ વરૂ) રાજુલા જાફરાબાદ ના ધારાસભ્ય એટલે ધાર્મિક કાર્યોમાં પહોંચી જાય છે અગાઉ યાત્રામાં માહિતી ઘણા જ લોકોને અમરનાથ યાત્રા કરાવી હતી અને પોતે પણ દર્શન કર્યા હતા. ત્યારબાદ કેમ નથી કદારો સાથે હરદ્વારના દર્શન પણ કરાવ્યા હતા તેમજ શિવરાત્રી મેળો હોય કે સોમનાથ શ્રાવણ મહિનો હોય પૂજા મહાપ્રસાદ અને શ્રાવણ માસ હોવાથી હજારો લોકોને ગરાળ આશ્રમ અને પોતાને તરફથી પણપ્રસાદ પણ કરાવતા છે

પગપાળા પણ સોમનાથ ગયા હોવાના અનેક દાખલાઓ વળી આ વિસ્તારમાં હનુમાન ગાળા હોય કે ભંડારીયા હનુમાન હોય કે ગરાળ મંદીર હોય કે ડેડાણમાં મુકતાનંદ બાપુનો આશ્રમ સ્વામિનારાયણ મંદિર રાજુલા અને કેસરીનંદન હનુમાનનું મંદિર રાજુલા હોય કે વાસરડા દાદા નુ મંદિરો કે તપસી બાપુ બાબરકોટ નો આશ્રમ કે કેસર મંદિર શંકર ભગવાનનું મંદિર ત્યાં તો અવારનવાર જતા જ હોય છે ત્યારે ૧૩ વર્ષ બાદ મહાકુંભ મેળો પ્રયાગરાજ થતો હોય ત્યારે પ્રથમ સ્નાનમાં પ્રયાગ પહોંચતા નિર્મોહી અખાડાના ૧૦૦૮ અધ્યક્ષ શ્રી રાજેન્દ્ર બાપુએ ફૂલહાર થી સ્વાગત કર્યું હતું તેમજ અનેક સંતોના પણ દર્શન હીરાલાલ સોલંકીએ કર્યા હતા.

# અમરેલી જિલ્લાકક્ષાએ કલામહોત્સવની ઓરગન સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવ્યું



### મીત સોલંકીએ શાળા પરિવારનું ગૌરવ વધાર્યુ

અમરેલી,

તારીખઃ-૧૧/૦૧/૨૦૨૫ના રોજ રાજા સ્કૂલમાં જિલ્લા કક્ષાનું કલા મહોત્સવનું આયોજન કરેલ તેમાં મીત હિંમતભાઈ સોલંકી એ ઓરગન સ્પર્ધામાં ભાગ લીધો હતો. તેમાં તેમને જિલ્લા કક્ષાએ પ્રથમ આવતા તેમના સ્કૂલ પરીવાર તથા સોલંકી પરીવારે અભિનંદન પાઠવ્યા હતા.

## સમગ્ર ગુજરાત સંક્ષિપ્ત

### મહેસાણામાં પત્નીની હત્યા બાદ પતિએ ગળાફાંસો ખાધો

મહેસાણા,

મહેસાણા જીલ્લામાં સતલાસણાના નવાવાસ રાજપુર ગામમાં ચકચાર મચાવતી ઘટના બનવા પામી છે મહેસાણામાં પત્નીની હત્યા બાદ પતિએ ગળેફાંસો ખાતા તપાસનો ધમધમાટ શરૂ થયો છે. પતિએ પત્નીની કુહાડી વડે ઘા ઝીંકી હત્યા કરતા ચકચાર મચી ગઈ છે. મહેસાણા જીલ્લામાં સતલાસણાના નવાવાસ રાજપુર ગામમાં ચકચાર મચાવતી ઘટના બનવા પામી છે.

### વડોદરા કચેરીમાં લાંચ લેતા ઓપરેટર ઝડપાયો

વડોદરા,મરણની પાકી નોંધ કરી આપવાના બદલામાં ૬ હજાર રૂપિયાની લાંચ માંગી હતી વડોદરામાં મરણની કાચી નોંધની પાકી નોંધ કરાવવા માટે લાંચ લેતા મામલતદાર કટેરીના એક કોમ્પ્યુટર ઓપરેટરને છઝ્રમ્ એ ઝડપી લીધો હતો. આ કેસની વિગત મુજબ ફરીયાદીએ ઈ-ધરા કેન્દ્ર મામલતદાર કચેરી, ડેસર ખાતે વેચાણ દસ્તાવેજની તેમજ મૈયતની કાચી નોંધની પાકી નોંધ કરવા અરજી કરી હતી.

### ચુડામાં કેનાલમાં ગાબડું પડતા ખેતરોમાં પાણી ઘુસ્યા

સુરેન્દ્રનગર,કેનાલમાં ગાબડું પડતા ખેતરોમાં પાણી ફરી વળ્યા છે. સુરેન્દ્રનગરમાં ચુડાના મોજીદડ ગામની કેનાલમાં ગાબડું પડતાં ખેતરોમાં પાણી ફરી વળ્યું છે. ઘઉં, જીરા સહિતનો પાક નાશ થતાં હજારો હેક્ટર જમીન પર પાણી ફરી વળ્યું છે. સુરેન્દ્રનગરમાં ચુડાના મોજીદડ ગામની કેનાલમાં ગાબડું તૂટી પડતાં કેનાલનું પાણી ફરી વળ્યું છે.

### જામજોધપુરમાં પતંગ લુંટતા તરૂણનું વીજશોકથી મોત

જામનગર,વાડીની ફરતે વીજ પ્રવાહ ચાલુ કરી દેનાર વાડી માલિક સામે ગુનો નોંધાયો છે. જામનગરમાં જામજોધપુરમાં પતંગ લેવા માટે ગયેલા ૧૪ વર્ષના એક તરુણનું વીજ આંચકો લાગતાં મૃત્યુ નીપજયું છે. એક વાડીના શેઢે પતંગ લેવા જતાં તેમાં ગોઠવેલા ચાલુ વીજ પ્રવાહીસાથેના વિજતારમાંથી એકાએક તરુણને વિજ આંચકો લાગ્યો હતો.

### મોરબીમાં યુવતીને પાડોશીએ છરીના ઘા ઝીંક્યા

મોરબી,

જામનગરમાં અશોક સમ્રાટનગર વિસ્તારમાં રહેતી યુવતી પર તેના પાડોશમાં જ રહેતા એક શખ્સ દ્વારા તું મારી પત્ની વચ્ચે ઝઘડો કરાવે છે જેથી અમારા છૂટાછેડા થઈ રહ્યા છે કહી છરીના ત્રણ ઘા ઝીંકી દીધા હતાં. મોરબીના ગાળા ગામના પાટિયા નજીક પૂર્વ પતિએ સાથે રહેવા દબાણ કરી પોતાની પૂર્વ પત્ની સાથે માથાકૂટ કરી માથામાં છરી વડે ગંભીર ઈજા પહોંચાડી હતી.

### જામનગરમાં પરપ્રાંતીય તરૂણીએ ગળાફાંસો ખાધો

જામનગર,જામનગર નજીક દરેડમાં તેમજ પડાણામાં મકરસંક્રાંતિ જેવા તહેવારના દિવસે ગળાફાંસા દ્વારા આત્મહત્યા ના બે કિસ્સાઓ બન્યા છે અને એક પરપ્રાંતિય તરુણી તેમજ એક યુવાને આત્મહત્યા કરી લઈ પોતાની જીવન લીલા સંકેલી લીધી છે. મૂળ મધ્યપ્રદેશની વતની અને હાલ જામનગર નજીક દરેડમાં રહેતી અંબા દેવી સીતારામ જોશી નામની ૧૫ વર્ષની તરુણીએ ગઈકાલે પોતાના ગળાફાંસા દ્વારા આત્મહત્યા કરી લીધી હતી.

### ન્યુબર્ગ ડાયગ્નોસ્ટિક્સે કોટક ALT પાસે

# ભારતીય ડાયગ્નોસ્ટિક્સ ક્ષેત્રનું સૌથી વધુ રૂપીયા ૯૪૦ કરોડનું ફંડ મેળવ્યું

અમદાવાદ,(રાજેશ મહેતા)વર્ષ ૨૦૧૭ માં સ્થપાયેલ અને ચેન્નાઈમાં મુખ્ય મથક ધરાવતું ન્યુબર્ગ ડાયગ્નોસ્ટિક્સ, દેશમાં સૌથી ઝડપથી વિકસતા, સૌથી મોટા સંકલિત ડાયગ્નોસ્ટિક્સ પ્લેયર અને ભારતીય મૂળના ટોચના ૪ સૌથી મોટા ડાયગ્નોસ્ટિક્સ પ્રદાતાઓમાંના એક તરીકે ઝડપથી ઉભરી આવ્યું છે. ૧૦,૦૦૦ થી વધુ ટચ પોઈન્ટ્સ અને ૨૫૦થી વધુ લેબ્સમાં ફેલાયેલા વ્યાપક નેટવર્ક સાથે, કંપની ભારતમાં આરોગ્યસંભાળના લેન્ડસ્કેપમાં પરિવર્તન લાવવાના માર્ગે છે. તેમાં ક્લિનિકલ પેથોલોજિસ્ટ્સ, ઓન્કોપેથોલોજિસ્ટ્સ, બાયોકેમિસ્ટ્સ, જિનેટિસિસ્ટ અને અન્ય પ્રમાણિત લેબ પ્રોફેશનલ્સની અત્યંત કુશળ ટીમ છે, જેમાં ૫,૦૦૦ થી વધુ પ્રકારના પરીક્ષણો કરવાની ક્ષમતા છે. વધુમાં, ન્યુબર્ગ ભારતમાં ટોચના ૨ જીનોમિક્સ ખેલાડીઓમાંની એક છે અને નવજાત શિશુ સ્ક્રીનીંગ અને પ્રજનન જીનોમિક્સ પરીક્ષણમાં નેતૃત્વનું સ્થાન ધરાવે છે. આ કંપની ભારતમાં આ પ્રકારની પ્રથમ કંપની છે, જેણે જીનોમિક્સ, પ્રોટીઓમિક્સ, મેટાબોલોમિક્સ, ટ્રાન્સપ્લાન્ટેશન ઈમ્યુનોલોજી, હેમેટો-ઓન્કોલોજી અને હિસ્ટોપેથોલોજીમાં મોડેલિટીઝને આવરી લેતા સમર્પિત શ્રેષ્ઠ કેન્દ્રો સ્થાપ્યા છે.

ભંડોળ અંગે વાત કરતા ન્યુબર્ગ ડાયગ્નોસ્ટિક્સના સ્થાપક અને એમડી ડો. જીએસકે વેલુએ જણાવ્યું હતું કે, અમને જાહેરાત કરતા આનંદ થાય છે કે ન્યુબર્ગ ડાયગ્નોસ્ટિક્સે કોટક છના પાસેથી ભંડોળ પ્રાપ્ત કર્યું છે, જે ભારતીય મૂળની સૌથી મોટી ડાયગ્નોસ્ટિક્સ શૃંખલાઓમાંની એક બનવાની અમારી યાત્રામાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. આ ભંડોળ અમને પર્સનલાઇઝ મેડિસિન, ઈન્ટિગ્રેટેડ ડાયગ્નોસ્ટિક્સ અને દેશભરમાં અકાર્બનિક રીતે અમારા પદચિન્હોનો વિસ્તાર કરવા સક્ષમ બનાવશે." તૈયાર કરતી વખતે, અમે ઉચ્ચ-ગુણવત્તાવાળા ડાયગ્નોસ્ટિક્સને બધા માટે સુલભ બનાવવા માટે પ્રતિબદ્ધ છીએ, અને ખાતરી કરીએ છીએ કે અમારી સેવાઓ ક્લિનિશિયનો અને દર્દીઓની બદલાતી જરૂરિયાતોને પૂર્ણ કરતી રહે છે.

## ગીરસોમનાથ પંથકના વિવિધ વર્તમાન

ગીરસોમનાથ બ્યુરો ચીફ સંજય રાઠોડ

# સમગ્ર ગીર સોમનાથ જિલ્લા કક્ષાનો કલા મહાકુંભ ગુંદરણ ગામે યોજાશે

### ક્રિષ્ના કન્યા વિદ્યા સંકુલમાં જિલ્લાકક્ષાએ ભવ્ય આયોજન

ગીર સોમનાથ,

રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ ગાંધીનગર અને કમિશનરશ્રી યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી ગાંધીનગર દ્વારા આયોજિત અને જિલ્લા યુવા અને સાસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી ગીર સોમનાથ સંચાલિત જિલ્લા કક્ષા કલા મહાકુંભ સ્પર્ધા-૨૦૨૪નું આયોજન તા.૧૬ જાન્યુઆરી તથા તા.૧૭ જાન્યુઆરીના રોજ તાલાળા તાલુકાના ગુંદરણ ખાતે ક્રિષ્ના કન્યા વિદ્યા સંકુલમાં સવારે ૦૯:૦૦ કલાકે રીપોર્ટ કરવાનું રહેશે.

જેમાં તાલુકા કક્ષાએ પ્રથમ નંબરે વિજેતા થયેલ ૧૪ કૃતિ જેમાં વકતૃત્વ, નિબંધ લેખન, ચિત્રકલા, ભરતનાટયમ, એકપાત્રીય અભિનય, લોકનૃત્ય, રાસ, ગરબા, સુગમ સંગીત, લગ્ન ગીત, સમૂહ ગીત, લોકગીત / ભજન, તબલા, હાર્મોનિયમ સ્પર્ધા યોજાશે.

સીધી જિલ્લાકક્ષાની ૯ કૃતિ જેમા કાવ્ય લેખન, ગઝલ શાયરી, લોકવાર્તા, દુહા, છંદ, ચોપાઈ, સર્જનાત્મક કારીગરી, સ્કુલ બેન્ડ, ઓરગન, કથ્થક, શાસ્ત્રીય કંઠ્ય સંગીત તાલુકા કક્ષાની ૧૪ કૃતિના પ્રથમ નંબરના વિજેતા કલાકારો તથા જિલ્લા કક્ષાની સીધી ૯ કૃતિની સ્પર્ધાઓના કલાકારો પોતાની ઉત્કૃષ્ટ કલાનુ પ્રદાન કરશે.

## મહુવા પંથકનાં વિવિધ વર્તમાન

મહુવા બ્યુરો ચીફ નિતેશ ગૌસ્વામી

# મહુવા સ્વામિનારાયણ મહોત્સવમાં આગેવાનો ઉમટયા

### આર. સી. મકવાણા, ભાવનાબેન મકવાણા, દિપકભાઇ જાની સહિતની ઉપસ્થિતી



મહુવા,

સ્વામિનારાયણ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ મહુવા ખાતે યોજાઈ રહ્યો છે તેમાં ભારતીય જનતા પાર્ટી ના ભાવનગર જિલ્લા અધ્યક્ષ શ્રી આર. સી. ભાઈ મકવાણા તેમજ પૂર્વ ધારાસભ્ય ભાવનાબેન મકવાણા, મહુવા શહેર પ્રમુખ દીપકભાઈ જાની પૂર્વ પ્રમુખ રજનીભાઈ ઠાકર, તાલુકા પંચાયત પ્રમુખ દુલાભાઈ ભાલીયા, ભાવનગર બાંધકામ સમિતિ ના ચેરમેન દશરથભાઈ જાની મહામંત્રી નિલેશભાઈ સેલાણી, નગરપાલિકા પૂર્વ પ્રમુખ રમેશભાઈ મકવાણા, ઉપપ્રમુખ કિશોરભાઈ મકવાણા,સુનિલભાઈ મકવાણા, વિજયભાઈ શિયાળ, યાજ્ઞિકભાઈ મહેતા, બ્રિજેશભાઈ મકવાણા, હિંમતભાઈ મકવાણા, પ્રવીણભાઈ કુંભાણી, મહેશભાઈ ગૌસ્વામી, મહેશભાઈ ભાલીયા, અશોકભાઈ બાંભણીયા તેમજ કાર્યકર્તાઓ એ હાજરી આપી હતી.

## જુનાગઢ પંથકનાં વિવિધ વર્તમાન

જુનાગઢ બ્યુરો ચીફ હિતેષ પારેખ

# જુનાગઢ સી ડિવીઝન પોલીસે દોઢ લાખનો વિદેશી દારૂ પકડી પાડયો

### વિદેશી દારૂની કુલ બોટલ નંગ-૨૬૪ જે કુલ કિ.રૂ. ૧,૪૫,૮૩૬ નો મુદામાલ કબ્જે લીધો



જુનાગઢ,જુનાગઢ સી ડીવીજન પોલીસ સ્ટેશનના પ્રો.પોલીસ ઈન્સપેક્ટર શ્રી વી.જે.સાવજ ની સુચના મુજબ સી ડીવીજન પો.સ્ટે.ના ગુન્હા શોધક શાખાના પો.સ્ટાફના માણસો પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા દરમ્યાન પો.હેડ કોન્સ. પી.જે.વાળા નાઓની બાતમી હકિકત આધારે જુનાગઢ ગાંધીગ્રામ, સિંધી સોસાયટી વિસ્તારમા આરોપીના કબ્જા હવાલાના મકાનેથી રેઈડ દરમ્યાન ભારતીય બનાવટનો વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની કુલ પેટી નંગ- ૧૬ જેમા કુલ નાની-મોટી બોટલો નંગ- ૨૬૪ જે કુલ કિ.રૂ. ૧,૪૫,૮૩૬/-નો નો પ્રોહિ મુદામાલ કબ્જે કરી આરોપી ચના મોડાભાઈ શામળા રબારી વિરુધ્ધ અત્રેના પો.સ્ટે.મા પ્રોહિબિશન ધારા હેઠળ ગુન્હો રજી કરવામા આવેલ છે.

## કચ્છ-ભુજ પંથકનાં વિવિધ વર્તમાન

કચ્છ બ્યુરો ચીફ જયશ્રી મહેતા

# કચ્છ ભુજ ખાતે જિલ્લાકક્ષાની જૈવ વિવિધતા જાગૃતિ શિબિર યોજાઈ



ભુજ,

ભુજમાં આવેલા સંશોધન કેન્દ્ર ગુજરાત ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડેઝર્ટ ઈકોલોજી (ગાઈડ) દ્વારા એક દિવસીય જિલ્લાકક્ષાની જૈવ વિવિધતા જાગૃતિ શિબિરનું આયોજન કાસિયા સેન્ટર ખાતે ગુજરાત બાયોડાયવર્સિટી બોર્ડના સહયોગથી આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં જૈવવિવિધતા વિશે વિસ્તૃત માહિતી શિબિરના મુખ્ય અતિથિ અને કચ્છ બન્ની ગ્રાસ લેન્ડના નાયબ વનસંરક્ષકશ્રી ડો. બી.એમ.પટેલ દ્વારા આપવામાં આવી હતી. આ ઉપરાંત, જૈવ વિવિધતા વ્યવસ્થાપન સમિતિ (BMC) ના કાર્યો અને વ્યવસ્થાપન, જૈવ વિવિધતા અધિનિયમ ૨૦૦૨, પરંપરાગત ઔષધીય જ્ઞાનનું દસ્તાવેજીકરણ, પબ્લિક જૈવવિવિધતા રજિસ્ટર (ર્મ્ઈ), જૈવવિવિધતાનું સરક્ષણ અને પ્રાપ્તિ અને લાભ જેવા મહત્વના મુદ્દાઓ વિશે શિબિરમાં વિચાર વિમર્શ કરવામાં આવ્યો હતો. ઉદ્ભોદન વિરલ વાડોદરિયા અને સંચાલન ડો. ધારા દીક્ષિત દ્વારા કરવામાં આવ્યું હતું.

